ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

તા૨૦૧૭.૧૦.૫.

# નિમંત્રણ

પ્રતિ,

તંત્રીશ્રી ,ડાયરેક્ટરશ્રી /

નમસ્કાર.

વિષયઃ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજી અને મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી ડૉજ્યોતિબેન .
” પંડયાનીપત્રકાર પરિષદ“ના કવરેજ બાબત.

સન્માનનીયશ્રી,

પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રીમતી નિર્મલાજી સીતારામન અને પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન પંડ્યાની “પત્રકાર પરિષદ”માં આપના લોકપ્રિય અખબારના / ચેનલના પ્રતિનીધિશ્રી / ફોટોગ્રાફરશ્રી /ટી.કવરેજ ટીમને મોકલી આભારી કરશોજી .વી.

તારીખઃ ૬, ઓક્ટોબર, ૨૦૧૭શુક્ર ,વાર
સમયઃ ૧૨ બપોરે.૦૦ કલાકે
સ્થળઃ પ્રદેશ કાર્યાલય ,“શ્રી કમલમ્“, કોબાગાંધીનગર ,

આભાર.....

નોંધઃ-

- પત્રકાર પરિષદ બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે.
- પત્રકાર મિત્રો માટે કર્ણાવતી શહેર ભાજપ કાર્યાલયથી ભાજપા પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્”પહોંચવા માટે વાહનવ્યવહારની વ્યવસ્થા કરેલ છે .
- વાહન તારીખ ૬શુક્ર ,ઓક્ટોબર ,વારે ૧૧ ૦૦.કલાકે કર્ણાવતી શહેર ભાજપ કાર્યાલય.ખાનપુરથી ઉપડશે ,

સંપર્કઃ શ્રી નિશીધ પટેલ
મોબાઈલઃ ૯૯૦૯૯ ૫૫૪૪૭

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૫.૧૦.૨૦૧૭

# "ગુજરાત ગૌરવ યાત્રા" 'મધ્ય ઝોન'

'હું છું વિકાસ , હું છું ગુજરાત'

------------

## ગુજરાત ગૌરવયાત્રાને મળી રહેલો અભૂતપૂર્વ લોકઆવકાર અને પ્રતિસાદ

------------

## ગુજરાતના ગૌરવ સાથે ગુજરાતનો વિકાસ વિશ્વમાં ઝળહળતો થયો છે

------------

## ગુજરાતનો વિકાસ ઝંઝાવતી-વેગીલો જોશીલો બન્યો છે જે કોંગ્રેસને ગુજરાતમાંથી જડમૂળમાંથી ઉખેડી નાંખશે – મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

------------

## રાજય સરકાર પેટ્રોલ-ડિઝલ પરનો ટેક્ષ ઘટાડી પ્રજાને રાહત આપશે -નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

------------

મધ્ય ગુજરાત ઝોનમાં સરદાર સાહેબની કર્મભૂમિ કરમસદથી પ્રારંભ થયેલ ગુજરાત ગૌરવયાત્રાના પાંચમા દિવસે વડોદરા જિલ્લાના સાવલીમાં આવી પહોંચતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગૌરવયાત્રા આણંદ જિલ્લામાં પ્રવેશતા પોઇચા બ્રીજ પાસે ખાણ-ખનીજ રાજય મંત્રીશ્રી રોહિતભાઇ પટેલ, સાંસદશ્રી દિલીપભાઇ પટેલ, શ્રી લાલસિંહ વડોદરીયા તથા પદાધિકારીઓએ આવકાર કર્યો હતો.

ગૌરવયાત્રાનું માર્ગમાં અહિમા, શીલી, ઓડ તથા ઉમરેઠ ખાતે પરંપરાગત ઢોલ-નગારા તથા ભૂંગળથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

હું છું વિકાસ, હું છું ગુજરાતના નારા સાથે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના બે દાયકાના શાસનમાં થયેલા પ્રજાકલ્યાણ તથા વિકાસ કામોની માહિતી જન-જન સુધી પહોંચાડવા નીકળેલી ગુજરાત ગૌરવયાત્રાને મધ્ય ગુજરાત ઝોનમાં અભૂતપૂર્વ લોકઆવકાર અને પ્રતિસાદ સાંપડી રહયો છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જાહેર સભાને સંબોધતા જણાવ્યું કે આઝાદી પહેલાથી ગુજરાતે સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે. ગુજરાતના ગૌરવ સાથે ગુજરાતનો વિકાસ સમગ્ર વિશ્વમાં ઝળહળતો થયો છે. પરંતુ ઇટાલીયન ચશ્મા પહેરેલ કોંગ્રેસને ગુજરાતનો વિકાસ દેખાતો નથી. ગુજરાતનો વિકાસ ઝંઝાવતી-વેગીલો અને જોશીલો બન્યો છે. જે કોંગ્રેસને આગામી વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી જડમૂડમાંથી ઉખેડી નાંખશે તેમ તેમણે જણાવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસની આકરી ટીકા કરતાં જણાવ્યું કે કોંગ્રેસ અને રાહુલ ગાંધીએ ગુજરાતના વિકાસની મજાક ઉડાવી સાડા છ કરોડ ગુજરાતીઓની મજાક કરી છે. જેનો ગુજરાતની શાણી જનતા આગામી ચૂંટણીમાં જવાબ આપશે. કોંગ્રેસ માટે ગુજરાતનો વિકાસ મજાક છે. જયારે ભાજપાએ વિકાસને મિજાજ તરીકે લઇ ગુજરાતને વિકાસની વૈશ્વિક ઉંચાઇએ પહોંચાડયો છે.

કોંગ્રેસે માત્રને માત્ર વોટબેંકની રાજનીતિ કરી દેશમાં ગરીબી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર વધાર્યો હતો તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળની સરકાર સૌના સાથ સૌના વિકાસ મંત્ર સાથે દેશના વિકાસ માટે આગળ વધી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં માથાદીઠ આવક માત્ર રૂા.૧૩ હજાર હતી જે આજે વધીને રૂા.૧.૪૦ લાખ પર પહોંચી છે. કપાસનું ઉત્પાદન માત્ર ૧૫ લાખ ગાંસડી હતું. ભાજપાના ૨૨ વર્ષના શાસનમાં કપાસનું ઉત્પાદન વધીને ૯૫ લાખ ગાંસડીએ પહોંચ્યું છે. ઔદ્યોગિક ઉત્પાદન રૂા.૮૦ હજાર કરોડથી વધીને રૂા.૧૨.૫૦ લાખ કરોડે પહોંચ્યું છે. ગુજરાતની આયાત નિકાસ કોંગ્રેસના શાસનમાં માત્ર ૩૦૦ ટન હતું. જે ભાજપા શાસનમાં ૩૪૦૦ લાખ ટને પહોંચ્યુ છે.

કોંગ્રેસ શાસનમાં માત્ર સાત યુનિર્વસિટી હતી. આજે ૫૭ યુનિર્વસિટી છે. જયારે મેડીકલની બેઠકો માત્ર ૮૦૦ હતી. જે વધીને ભાજપાના શાસનમાં ૩૪૦૦ એ પહોંચી છે. રાજયમાં નવી સાત મેડીકલ કોલેજને મંજૂરી આપવામાં આવી હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

કોંગ્રેસ માત્ર જુઠ્ઠાણાં ફેલાવીને ગુજરાત સહિત સાડા છ કરોડ ગુજરાતીઓને બદનામ કરી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજય સરકારે લાભપાંચમથી રૂા.૯૦૦ના ટેકાના ભાવથી ખેડૂતો પાસેથી મગફળી ખરીદશે. એટલું જ નહીં જો કપાસના ભાવ નીચા જશે તો ખેડૂતો પાસેથી ટેકાના ભાવથી કપાસ ખરીદવામાં આવશે. દિવાળી સુધી ખેડૂતોને પાક બચાવવા માટે ૧૦ કલાક વીજળી આપવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે મધ્ય ઝોનમાં ગુજરાત ગૌરવયાત્રાને લાખો નાગરિકોનું જન સમર્થન મળ્યું છે. જે બતાવે છે કે ગુજરાતના નાગરિકોએ ભાજપા સરકારમાં વિશ્વાસ મૂકયો છે. સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા એક વર્ષમાં પ્રજાહિતના ૪૭૫ જેટલા નિર્ણયો લીધા છે.

શ્રી નીતિનભાઇ પટેલે કેન્દ્ર સરકારની જેમ ગુજરાત સરકાર પણ પેટ્રોલ/ડિઝલ પરનો ટેક્ષ ઘટાડી લોકોને રાહત આપશે. એવો સંકેત આપ્યો હતો.

આ અવસરે યાત્રાના કન્વીનર શ્રી ગોરધનભાઇ ઝડફિયા, પક્ષના વરિષ્ઠ નેતાઓ, પદાધિકારીઓ, કાર્યકરો સહિત વિશાળ સંખ્યામાં જનસમુદાય હાજર રહયો હતો.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૫.૧૦.૨૦૧૭

# "ગુજરાત ગૌરવ યાત્રા" 'મધ્ય ઝોન'

'હું છું વિકાસ , હું છું ગુજરાત'

------------

પ્રજા અને સરકાર વચ્ચે એક પરિવારનો નાતો હોય છે

------------

સત્તા, સેવાનું સાધન છે માણવાનું નથી

------------

કોંગ્રેસના શાસનમાં ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો હતો

- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

------------

પારદર્શક, સંવેદનશીલ રાજય સરકારે પ્રજાની જરૂરીઆત પ્રમાણે વિકાસ કાર્યો કર્યા છે

- નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

------------

હું ગુજરાતનો નાથ નથી પણ પ્રજાનો સેવક છું. હું C.M. - કોમનમેન ગઇકાલે હતો, આજે છું અને આવતીકાલે પણ રહેવાનો છું. તેમ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજે ઠાસરા ખાતે ગૌરવયાત્રા પ્રસંગે યોજાયેલી જનસભાને સંબોધતા જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રજા અને સરકાર વચ્ચે એક પરિવારનો નાતો હોય છે તેમ જણાવી કહયું હતું કે સત્તા એ સેવાનું સાધન છે એ માણવાનું નથી. ગરીબ, દલિતો, પીડિતો, શોષિતો, વંચિતો-આદિવાસી સૌના વિકાસ માટે સરકાર પ્રજાના સેવક તરીકે કામ કરી રહી છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને ઘરનું ઘર મળે – માથે છત હોય એ આપણી સરકારનો નિર્ધાર છે. આજે ગરીબોને સસ્તી અને ઉચ્ચ ગુણવત્તાવાળી જીવન રક્ષક દવાઓ મળી રહે તે માટે રાજયભરમાં જેનેરીક દવાના સ્ટોર્સ શરૂ કરવામાં આવ્યા છે. ગરીબ અને મજૂર વર્ગ માટે અન્નપૂર્ણા યોજના હેઠળ રૂ.૧૦/- માં પૌષ્ટિક ભોજન આપવામાં આવી રહયું છે. રાજયનો કોઇ ગરીબ ભૂખ્યો ન સુવે તે માટે રાહતદરે ઘઉં, ચોખા જેવા અનાજનું વિતરણ કરવામાં આવે છે. ખેડૂતોને સિંચાઇના પાણી, વિજળીની સુવિધા સાથે તેમના ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. જેથી ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય. યુવાનોની આ સરકારે રોજગારી અને ઉચ્ચ શિક્ષણ માટેની યોજનાઓ અમલમાં મુકી છે. કોલેજના વિદ્યાર્થીઓને ટોકન કિંમતે ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે. તો ૮૦ હજાર બેરોજગારોને સરકારી નોકરી અને ૧૦ લાખ જેટલા યુવાનોને મેન્યુફેકચરીંગ અને સર્વિસ એકમોમાં રોજગાર આપીને " હર હાથ કો કામ" સુત્રને સરકારે સાર્થક કર્યું છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કોંગ્રેસની ઝાટકણી કાઢતા જણાવ્યું કે, એક સમયે કોંગ્રેસે લોકોને ઘર અપાવવા ફોર્મ ભરાવ્યા હતા. આજે પાંચ વર્ષ પછી પણ એક વ્યકિતને ઘરનું ઘર આપ્યું નથી. બધા ફોર્મ ગટરમાં નાંખી લોકોને છેતરવાનું કામ કર્યું છે. આવા લોકોથી પ્રજા સાવધાન રહે તેમ જણાવતાં ઉમેર્યું હતું કે આ વખતે પણ કોંગ્રેસે યુવાનોને રોજગારીની લાલચ આપી છે. જયારે જયારે કોંગ્રેસ સત્તા પર આવી છે ત્યારે ત્યારે બેકારી, ગરીબી અને ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો છે. દેશના વિકાસને અટકાવ્યો છે. કોંગ્રેસે વિકાસની કદી કલ્પના જ કરી નથી.

ગુજરાતનો વિકાસ હરણફાળ સમાન છે કારણ કે વિકાસ એ અમારો મિજાજ છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહયું હતું કે " સૌનો સાથ અને સૌનો વિકાસ" મંત્ર લઇને ગુજરાતની ગૌરવયાત્રા લઇને નિકળ્યા છીએ.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે પારદર્શક અને સંવેદનશીલ રાજય સરકારે પ્રજાની લાગણી અને માંગણી મુજબના વિકાસ કાર્યો ઝડપ થી નિર્ણય લઇને પૂરા કર્યા છે. નવા બનેલા તાલુકાઓમાં પ્રજાકીય સવલતો ઉપલબ્ધ થાય તે માટે કામોની મંજૂરી આપી ત્વરીત રીતે પૂરા કર્યા છે. ઠાસરા તાલુકામાં રૂ.૧૫ કરોડ થી વધુના ખર્ચે ગ્રામીણ રસ્તાઓ મંજૂર કર્યા છે. ગામડે ગામડે અને રાજયના દરેક શહેરી વિસ્તારોમાં પાયાની સગવડોની આપૂર્તિ કરવામાં આવી છે. જેને કારણે ગૌરવયાત્રાને પ્રજાનો ઠેર ઠેર આવકાર અને ભરપૂર પ્રેમ મળી રહયો છે. શ્રી નીતિનભાઇ પટેલે હાલમાં ક્રૂડ ઓઇલના ઘટેલા ભાવના કારણે પેટ્રોલ ડિઝલના ભાવમાં ઘટાડો કરવામાં આવી રહયો છે. તે સંદર્ભમાં રાજય સરકાર પણ પેટ્રોલ અને ડિઝલમાં સહાનુંભૂતિપૂર્વક પ્રજાહિતમાં નિર્ણય લેશે તેમ તેમણે જણાવ્યું હતું.

ઠાસરાની જાહેરસભામાં ગૌરવયાત્રાના કન્વીનર શ્રી ગોરધનભાઇ ઝડફિયા અને ઠાસરાના ધારાસભ્ય તેમજ અમૂલ ડેરીના ચેરમેનશ્રી રામસિંહભાઇ પરમાર તથા સાંસદ શ્રી દેવુંસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદ્દબોધનો કર્યા હતા.

આ પ્રસંગે શ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ , પૂર્વ ધારાસભ્ય શ્રી ભવાનસિંહ, નયનાબેન સહિતના હોદ્દેદારો , કાર્યકર્તાઓ અને ઠાસરા તાલુકાના લોકો ઉપસ્થિત રહયા હતા.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ ૨૦૧૭.૧૦.૫.તા

### "ગુજરાત ગૌરવ યાત્રા"

'૧ થી ૧૫ ઓક્ટોબર'

'હું છું ગુજરાત ,હું છું વિકાસ'

-----------

આવતીકાલે તારીખ ૬પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના ,ઓક્ટોબરે ગુજરાત ગૌરવ યાત્રા , ,ભાવનગરબોટાદઅમદાવાદ અને સુરેન્દ્રનગર જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં , .મધ્ય ગુજરાતના ખેડા અને આણંદ જીલ્લામાં પ્રજાજનોનું અભિવાદન ઝીલશે

-----------

કેન્દ્રીય મંત્રીશ્રી રવીશંકરપ્રસાદ, કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાજી તથા શ્રી નરેશ કનોડીયા આવતી કાલે ખેડા તથા આણંદ જીલ્લાની ગૌરવ યાત્રામાં ભાગ લેશે.

-----------

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતી કાલે સૌરાષ્ટ્રમાં ગૌરવ યાત્રામાં જોડાશે.

-----------

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે આવતીકાલે ,શુક્રવારે ૬ઠ્ઠી ઓક્ટોબરના રોજ ગુજરાત ગૌરવ યાત્રા, અમદાવાદ અને સુરેન્દ્રનગર ,બોટાદ ,પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના ભાવનગર જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના ખેડા અને આણંદ જીલ્લામાં પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

કેન્દ્રીય મંત્રીશ્રી રવીશંકરપ્રસાદ, કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાજી, તથા શ્રી નરેશ કનોડીયા આવતી કાલે ખેડા તથા આણંદ જીલ્લાની ગૌરવ યાત્રામાં ભાગ લેશે.

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતી કાલે સૌરાષ્ટ્રમાં ગૌરવ યાત્રામાં જોડાશે.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના ભાવનગરસુરેન્દ્રનગર ,બોટાદ , અને અમદાવાદ જીલ્લામાં ૫ વિધાનસભા ક્ષેત્રોમાં ૧૫૦ કિલોમીટર અંતર કાપશેબરવા ,તે દરમ્યાન વલ્લભીપુર ,ળા,બોટાદ , રાણપુર અને લીંમડી ખાતે જાહેરસભા યોજાશે તથા ૫ સ્થાનો પર સ્વાગત થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના ખેડા અને આણંદ જીલ્લામાં ૫ વિધાનસભા ક્ષેત્રોમાં ૧૧૯ કિલોમીટર અંતર કાપી મહેમદાવાદ, લીંબાસી, સોજીત્રા, પેટલાદ અને ખંભાત ખાતે જાહેરસભા યોજશે તથા યાત્રાનું ૧૦ સ્થાનો પર સ્વાગત થશે તથા પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૫.૧૦.૨૦૧૭

“ગુજરાત ગૌરવ યાત્રા” ‘સૌરાષ્ટ્ર’ ‘દિવસ-૫’

‘હું છું વિકાસ , હું છું ગુજરાત’

------------

હજારો યુવાનો બાઇક સાથે ગૌરવ યાત્રામાં જોડાયા,

ડાંડીયા-રાસ, દીવડા, તલવારથી યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું

------------

૬૦-૬૦ વર્ષથી દેશમાં શાસન કરનાર જે કોંગ્રેસ દેશ તો શું – અમેઠી અને રાયબરેલીનો વિકાસ નથી કરી શકી, તે ગુજરાતમાં વિકાસની વાતો કરીને પ્રજાને ગેરમાર્ગે દોરવાનો નિરર્થક પ્રયાસ કરી રહી છે.

------------

ખેડૂતવિરોધી કોંગ્રેસને ગુજરાતના વિકાસની કે ખેડૂતહિતની વાત કરવાનો લેશમાત્ર અધિકાર નથી. – શ્રી જીતુભાઇ વાઘાણી

------------

આજરોજ ગુજરાત ગૌરવ યાત્રાના ચોથા દિવસે સૌરાષ્ટ્ર પંથકમાં ઉના, રાજુલા, મહુવા, તળાજા, પાલીતાણામાં જનતાજનાર્દનનો અભૂતપૂર્વ પ્રેમ અને લાગણી સંપાદન કરીને યાત્રા આગળ ધપી રહી છે.

આજરોજ રાજુલા ખાતે માર્કેટ યાર્ડમાં યોજાયેલ જાહેરસભામાં ઉપસ્થિત ખેડૂતો તથા નગરજનોને સંબોધતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, ભાજપાના શાસનમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા થયા છે, કોંગ્રેસે તો ખેડૂતોનું લોહી ચૂસવાનું જ કામ કર્યુ છે. કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને ૧૮ ટકાના વ્યાજે ધિરાણ મળતું હતું. ખેડૂતોને સિંચાઇનું પુરતું પાણી પણ મળતું ન હતું. વીજળી તો હતી જ નહી. ખાતર બારોબાર વેચી દઇને કોંગ્રેસે કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો હતો. ખેડૂતોના ઉભા પાક બાળી નાખનારી કોંગ્રેસ આજે કયા મોઢે ખેડૂતોની વાત કરી રહી છે? ખેડૂતોને પૂરતું પાણી, ગુણવત્તાયુક્ત વીજળી, સમયસર ખાતર એ ભાજપાની દેન છે. આજે ૧ ટકાના દરે ખેડૂતોને ધિરાણ પ્રાપ્ત છે. મગફળી તથા કપાસના પોષણક્ષમ ભાવ આપવા ભાજપા સરકાર પ્રતિબધ્ધ છે.

૬૦-૬૦ વર્ષથી દેશમાં શાસન કરનાર જે કોંગ્રેસ દેશ તો શું – અમેઠી અને રાયબરેલીનો વિકાસ નથી કરી શકી, તે ગુજરાતમાં વિકાસની વાતો કરીને પ્રજાને ગેરમાર્ગે દોરવાનો નિરર્થક પ્રયાસ કરી રહી છે તેમ પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.

ગઇકાલે કોડીનાર તથા ઉના ખાતે અનેક સ્થળોએ પ્રજાજનોને સંબોધતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ‘અફઝલ હમ શરમીંદા હૈ, તેરે કાતિલ જીન્દા હૈ’ ના નારા

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

લગાવનારા દેશવિરોધી તત્વોની સભામાં જઇને પ્રોત્સાહન આપનાર રાહુલ ગાંધી ગુજરાતની જનતાને જવાબ આપે તેમ જણાવી દેશની વાત જવા દો, પરંતુ રાયબરેલી તથા અમેઠીનો પણ જેઓ વિકાસ નથી કરી શક્યા તેઓ ગુજરાતમાં આવીને વિકાસના નામે પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યો છે. દેશના કોંગ્રેસ શાસિત કોઇ પણ રાજ્યની સાથે ગુજરાતની તુલના કરીને વિકાસને માટે ચર્ચા કરવા ખુલ્લો પડકાર પણ મુખ્યમંત્રીશ્રીએ શ્રી રાહુલ ગાંધીને કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ